**DATE: 06/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# ભાલોદ માર્ગ પર ખીચો-ખીચ ભરેલા પશુઓની ટ્રક રાજપારડી પોલીસે ઝડપી પાડી

**ઝંખવાવના** મુલતાની ફળિયાના મહંમદ માણસાએ ટ્રક રવાના કરી હતી

---

**નેત્રંગ** પહોંચી તરસાલીનાં મકદુમ માણસાને ફોન કરી મહારાષ્ટ્રમાં ક્યાં પશુ પહોંચાડવાના છે તેની જાણકારી મેળવવાની હતી

---

ઝઘડિયા: રાજપારડી પોલીસે ગેરકાયદે વહન થઇ રહેલા પશુ ભરેલી એક ટ્રક ભાલોદ માર્ગ ઉપર મધુમતિ ખાડી પાસેથી ઝડપી લીધી હતી. ટ્રકમાંથી પશુઓને મુક્ત કરાવીને ચાલક સહિત બેની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાની મળતી માહિતી અનુસાર રાજપારડી પોલીસે બાતમીના આધારે ભાલોદ નજીકથી એક ટ્રક ઝડપી હતી. આ ટ્રકમાં ઠાંસી ઠાંસીને ભરેલા પશુઓને મહારાષ્ટ્રમાં લઇ જવાતા હતાં. અહીંથી પોલીસે પશુઓને છોડાવી ટ્રક સહિત કુલ રૂપિયા 16.90 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે ઝડપાયેલા ઝંખવાવના મામા ફળિયામાં રહેતાં ટ્રક ચાલક મુસરાન મુલતાની અને અમન મુલતાનીની પૂછપરછ કરતાં તેમણે કબૂલાત કરી હતી કે, ઝંખવાવના મુલતાની ફળિયા ખાતે રહેતાં મહંમદ માણસાએ આ ભેંસ લઇને નેત્રંગ પહોંચવા કહ્યું હતું અને ત્યાં પહોંચીને તરસાલીના મકદુમ માણસાને ફોન કરવા જણાવ્યું હતું.

**DATE: 06/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# કાવલી ગામે જુગાર રમતાં 4 જુગારીયાઓ ઝડપાયાં

ભરૂચ, જંબુસર તાલુકાના કાવલી ગામે તળાવ કિનારે જામેલી જુગારની મહેફિલ પર પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે 5 આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂપિયા સહિત જુગારના સાધનો જપ્ત કરી ટીમે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જંબુસર તાલુકામાં આવેલાં કાવલી ગામે તળાવની પાળે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ માહિતી કાવી પોલીસને મળી હતી. જેના પગલે ટીમે ઘટના સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસે જુગારીયાઓને ચારેય તરફથી ઘેરી લેતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે રાજુ કાલીદાસ રાઠોડ, ધનજી જેઠા રાઠોડ, દિલીપ સોમા પઢિયાર તેમજ પ્રવિણ ફુલા રાઠોડને ઝડપી પાડ્યાં હતાં.

**DATE: 06/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### યુપીના બે યુવાનોને પોલીસે વોન્ટેડ જાહેર કરી તપાસ આદરી

# ખરોડ ગામે મોબાઈલ ટાવરમાંથી બેટરી ચોરનાર 2 આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર ખરોડ ગામ ના નેશનલ હાઈવે નંબર 48 ની બાજુમાં જૈન વિહાર ધામ ની પાછળ આવેલા ઈન્ડસ કંપનીનો મોબાઈલ ટાવરના સેલ્ટર રૂમમાં આવેલો છે. જેનો અજાણ્યા તસ્કરો દરવાજો નકુચો કાપીને અંદર પ્રવેશ કરીને અંદર રહેલી એક્સાઈડ કંપની 24 સેલ તથા અમર રાજા કંપનીના 12 સેલ મળી કુલ 36 સેલ જે એક સેલ ની કિ.રૂ.4,000 લેખે કુલ 36 સેલની કિ.રૂ.1,44,000 ની મત્તાની ચોરી કરીને લઈ ગયા હતાં. જેનો પાનોલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ કરતા માહિતી મળી હતી કે,ચોરીમાં ગયેલ મુદ્દામાલ પૈકી એક્સાઈડ કંપની ની બેટરી બેંક સેલ નંગ 06, કિ.રૂ. 24,000 ની મત્તા આરોપીઓએ જે જગ્યાએ સંતાડી હતી તે બતાવતા પોલીસે તે સ્થળ પર તપાસ કરતા તેમાંથી ચોરી કરેલ બેટરી નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે આરોપી પ્રમોદકુમાર ભવાની બ્રીજ કુમાર પડિ, રશીદખાન નઈમ ખાન ખાન ને ઝડપી પાડયા હતાં. જ્યારે ઉત્તર પ્રદેશ સમીમ ચૌધરી અને અસ્લમ ચૌધરી ને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 07/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

### મેઘના આર્કેડ નજીક પોલીસના દરોડાથી દોડધામ

# અંકલેશ્વરમાં આંકડાનો જુગાર રમતા ચાર ઝડપાયાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વર શહેર એ ડિવિઝનના પોલીસ સ્ટાફે માહિતીના આધારે ચૌટાનાકા પાસે આવેલા મેઘના આર્કેડની નીચે આંકડા લખતા ચાર ઈસમને ઝડપી પાડ્યા હતાં.પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.11,510 અને મોબાઈલ અને રીક્ષા મળીને કુલ રૂ. 85,010 નો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા,તે સમયે માહિતી મળી હતી કે,ચૌટાનાકા પાસે આવેલા મેઘના આર્કેડની નીચે તાડ ફળિયા બાજુની દિવાલ નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ટોળુ વળી સટ્ટાબેટીંગના આંકડા લખી જુગાર રમી રહ્યા છે.આ માહિતીના આધારે પોલીસે તે સ્થળ પર ખાનગી વાહનોમાં આવીને રેઈડ કરતા એક ઈસમ હાથમાંની ચોપડીમાં સટ્ટા બેટીંગના આંકડાનો જુગાર રમાડતો નજરે પડતા તેને કોર્ડન કરી જગ્યા ઉપર જ પકડી પાડયો હતો.

**DATE: 07/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઓવરબ્રિજ પાસે દિલધડક ઓપરેશન હાથ ધરી બે બુટલેગરોની ધરપકડ કરાઇ

# નબીપુર પોલીસે હાઈવે બ્લોક કરી 6 લાખનો દારૂ ભરેલી કાર ઝડપી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ નેશનલ હાઈવે પર નબીપુર ઓવર બ્રીજ પાસે પોલીસે રસ્તો બ્લોક કરી એમપીથી ક્રેટા કારમાં 1.14 લાખનો દારૂ ભરી સુરતના સચીન જીઆઇડીસી ખાતે લઇ જતાં બે ખેપિયાઓને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી દારૂ, કાર તથા મોબાઇલ મળી કુલ 6.71 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત સચીન જીઆઇડીસીના બુટલેગરને વોન્ટેડ જાહેર કરી ઝડપાયેલાં બે ખેપિયા મળી ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

નબીપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, એક સફેદ કલરની એમપી પાસિંગની ક્રેટા કારમાં વિદેશીદારૂ ભરીને બે શખ્સો સુરત તરફ જઇ રહ્યાં છે. જેના પગલે ટીમે તુરંત અસુરિયા પાટિયા પાસે વોચ ગોઠવી હતી. અરસમાં કાર નબીપુર ઓવર બ્રીજ પસાર થઇ ગઇ હોવાનું માલુમ પડતાં ટીમે રસ્તો બ્લોક કરી કારને ઝડપી પાડી હતી. કારના ડ્રાઇવરનું નામ આદિત્ય બાલમુકુંદ રઘુવંશી તેમજ સુરજ જયરામ પરમાર ( બન્ને રહે. એમપી) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે કારમાં તપાસ કરતાં કારમાંથી વિદેશીદારૂની કુલ 1.34 લાખ રૂપિયાની મત્તાની 1136 બોટલ મળી આવી હતી. પ્રાથમિક પુછપરછમાં તેમણે જણાવ્યું હતું કે, તેઓને સુરતના સચીન જીઆઇડીસી ખાતે રહેતાં સુનિલ નામના બુટલેગરે મોબાઇલથી તેમને દારૂનો ઓર્ડર આપ્યો હતો. પોલીસે તેમની પાસેથી દારૂ, બે મોબાઇલ, રોકડા રૂપિયા તથા કાર મળી કુલ 6.71 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મધ્યપ્રદેશથી દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહયો હોવાની દિશામાં પોલીસે તપાસ આદરી છે.

**DATE: 07/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### સાઇબર ક્રાઇમની ટીમે રાજસ્થાનના બાડમેરથી આરોપી પકડ્યો

# અશ્લિલ ફોટા વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઇલ કરનારો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના એક શખ્સનો મેઈલ પ્રોવાઈડર એપનો આઈડી પાસવર્ડ મેળવી તેના જ ફોટા ડાઉનલોડ કરી તેને એડિટીંગ કરી અશ્લિલ વીડિયો-ફોટો બનાવી વાયરલ કરવાની ધમકીઓ આપી બ્લેક મેઈલ કરી 1.60 લાખ પડાવી લીધાં હતાં. ઘટના અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં ટીમે રાજસ્થાનથી આરોપીને ઝડપી પાડ્યો હતો.



ભરૂચના એક શખ્સના મેઈલ પ્રોવાઈડર એપના આઈડી અને પાસવર્ડ કોઈ ગઠિયાએ મેળવી લીધાં હતાં. જે બાદ તેણે અન્ય ડિવાઈઝમાં લોગઈન કરી તેમના મોબાઈલમાંથી ફોટા સહિતની સામગ્રીઓ ડાઉનલોડ કરી હતી. જે બાદ તે ફોટાઓનું એડિટીંગ કરી તેમાંથી અશ્લિલ ફોટા તથા વીડિયો બનાવ્યાં હતાં. જે ફોટા અને વીડિયો ગઠિયાએ વાયરલ કરવાની ધમકીઓ આપી હતી. ભરૂચના શખ્સને ધમકાવી ગઠિયાએ ટુકડે ટુકડે 1.60 લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરી હતી. આખરે તેણે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં ટીમે ટેક્નિકલ સર્વેલન્સની મદદથી ગઠિયાની વિગતો કઢાવતાં તેનું નામ અસલફ ઉર્ફે ઉસ્માન કાસમ રહુમા (રહે. બાડમેર, રાજસ્થાન) હોવાનું માલુમ પડતાં ટીમે તેને ઝડપી પાડ્યો હતો.

# DATE: 08/02/2023 CATEGORY: GREEN E-PAPER GUJARATMITRA PAGE–01

### ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપરની ચોરી કરતી ગેંગનો મુખ્ય સુત્રધાર હજી ફરાર

## ભરૂચ જિલ્લામાં 23 ટ્રાન્સફોર્મરની ચોરીમાં સંડોવાયેલો આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ડિવિઝન વિસ્તારમાં થોડા દિવસો પહેલાં વીજ ટ્રાન્સફોર્મર ચોરી ના ગુનામાં વધુ નોંધાયા હતા.જેના કારણે વીજ કંપની લાખો રૂપિયાનું નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો.જેને લઈને જિલ્લા એસપી ડો.લીના પાટીલ આ કામના ગુનેગાર ઝડપી પાડવા આદેશ આપ્યા હતાં.જેના આધારે ભરૂચ એલ.સી.બી.ના અલગ અલગ ટીમો બનાવી ટીમને જિલ્લામાં થતી વીજ ટ્રાન્સફોર્મર ચોરીના વિસ્તારોની વિઝીટ કરી હતી.જરૂરી નકશા બનાવી, સીસીટીવી ફૂટેજ અને ટેકનીકલ સર્વેલન્સની મદદ મેળવી વીજ ટ્રાન્સફોર્મર ચોરીના ગુનાઓ શોધી કાઢવા કામગીરી હાથ ધરવામાં આવી હતી. એલ.સી.બી.ટીમને બાતમી મળી હતી કે, ડીપી ચોરીનો શંકાસ્પદ આરોપી નરપતસિંહ ચારણ સુરત ખાતે રહે છે. જેથી પીએસઆઈ એમ.એમ.રાઠોડ તેમની ટીમ સાથે સુરત પહોંચી આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. તેમણે આશરે 23 વાર અંકલેશ્વરમાં આવીને ચોરી નો મુદ્દામાલ તેના સહ આરોપી પાસેથી લઈ જઈ સુરત ખાતે ભંગારના વેપારીને વેચ્યો હોવાની કબૂલાત કરી હતી. ઉત્તરપ્રદેશના મુખ્ય આરોપી રામસુરત રતી પાલ યાદવ અને અન્ય સાગરીતો વોન્ટેડ જાહેર કરીને તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે

**DATE: 08/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# અંકલેશ્વરની નાલંદા સ્કૂલમાં સાયબર ક્રાઇમ અંગે સેમીનાર યોજાયો



**અંકલેશ્વર।** ભરૂચ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ ,ઓનલાઈન ફ્રોડ ,અંગે જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે ,ત્યારે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અંકલેશ્વરના મીરા નગર નજીક આવેલી નાલંદા સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ સાયબર ક્રાઈમ અને ઓનલાઈન ફ્રોડ અંગે માહિતગાર થાય તે માટે ના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ને સાયબર ક્રાઈમ થવા પાછળના મુખ્ય કારણો ,અજાણી વ્યક્તિ નો ફોન ,મેસેજ ,પિન નંબર સહીત ઓનલાઈન થતા ફ્રોડ અંગે સાવચેત રહેવા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી

**DATE: 09/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### વાલિયા પોલીસે 43 હજારનો દારૂ જપ્ત કર્યો

# ડહેલી ગામે કોતરડીમાં સંતાડેલો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયા તાલુકાના ડહેલી ગામે કોતરડીમાં સંતાડેલો કુલ 43 હજારની મત્તાનો દારૂ પોલીસે ઝડપી પાડ્યો હતો. જોકે, બુટલેગર કે તેનો કોઈ સાગરિત સ્થળ પર નહીં મળતાં ટીમે બુટલેગરને વોન્ટેડ જાહેર કરી તેના વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાલિયા પોલીસસ્ટેશનમં ફરજ બજાવતાં એએસઆઈ અજય તેમજ હેકો વિજયસિંહને સંયુક્ત બાતમી મળી હતી કે, મીઠામોરા ગામના બુટલેગર ધર્મેશ ઉર્ફે ધમો નરેશ વસાવાએ રૂપનગર એસઆરપી પાછળ પિઠોરથી ડહેલી ગામે જવાના કાચાર રસ્તે ડહલી ગામની સીમમાં મોલન વગામાં આવેલી કોતરડીમાં વિદેશીદારૂ સંતાડ્યો છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર પહોંચી જુવારના વાવેતર કરેલાં ખેતરની બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટેન કોતરડીમાં ઝાડપી ઝાંખરામાં કુલ 43 હજારની મત્તાની વિદેશીદારૂની 426 બોટલો મળી આવી હતી.ટીમે આસપાસમાં તપાસ કરવા છતાં ધર્મેશ કે તેના કોઈ સાગરિત મળ્યાં ન હતાં. જેના પગલે ટીમે તમામ દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગર ધર્મેશ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 09/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## અમદાવાદના બુટલેગર નિશારે ગોડાઉન ભાડેથી રાખ્યું હતું

# અંકલેશ્વરમાં દારૂનું આખું ગોડાઉન ઝડપાયું, 44 લાખની બોટલો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અમદાવાદના બુટલેગર અંકલેશ્વર જીઆઈડીસીમાં ગોડાઉન ભાડે રાખી દારૂ નું નેટવર્ક ઊભું કરે એ પૂર્વે જ પોલીસે ગોડાઉન પર દરોડો પાડી 44 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડયો છે. બુટલેગર નિશાર કલાલ ખાન પઠાણ નામ ખુલતા પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.

દક્ષિણ ગુજરાતમાં નયન બોબડો અને મધ્ય ગુજરાતમાં પરેશ ઉર્ફે ચકો પોલીસ કર્મચારીઓને ફોડીને પોતાનું નેટવર્ક ઉભું કરવા લાગ્યાં હતાં.



સ્ટેટ મોનિટરિંગ સેલની હિલચાલની તમામ બાતમી બંને બુટલેગરોને મળી જતાં તેઓ સતર્ક બની જતાં અને પોલીસની રેઈડ નિષ્ફળ જતી હતી. આ બધાની વચ્ચે અમદાવાદનો નિશાર નામનો બુટલેગર અંકલેશ્વરમાં પગપેસારો કરી રહયો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

અંકલેશ્વરની વિહિતા ચોકડી નજીક નવા જ બનેલા કોમ્લેક્ષની બે દુકાન પૈકી એક દુકાન બુટલેગર નિશારે ભાડે લીધી હતી. આ દુકાનમાં તેણે ગોડાઉન બનાવ્યું હતું. આ ગોડાઉનમાં વિપુલ માત્રામાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની બાતમી અંકલેશ્વર પોલીસને મળી ગઈ હતી જેથી પોલીસે ગોડાઉન પર દરોડો પાડયો હતો. ગોડાઉનમાંથી પોલીસને 44 લાખ રૂપિયાની કિમંતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ગોડાઉનમાં ઉંચી બ્રાંડના દારૂની 927 પેટીઓ પોલીસે કબજે લીધી છે અને અમદાવાદના બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 09/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એસપીની અધ્યક્ષતામાં પંડિત ઓમકારનાથ હોલ ખાતે આયોજન

# ભરૂચ શહેરમાં પોલીસે યોજેલાં લોન મેળામાં 300 લોકોએ માહિતિ મેળવી



પંડિત ઓમકારનાથ ઠાકુર હોલ ખાતે પોલીસ વિભાગે લોન મેળાનું આયોજન કર્યું હતું.

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં વ્યાજખોરો સામે ચલાવેલી ઝૂંબેશ બાદ પોલીસે હવે જરૂરીયાત મંદો માટે લોન મેળાનું આયોજન કર્યું હતું. બુધવારે પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન ખાતે આયોજીત લોન મેળામાં 300થી વધારે લોકોએ હાજર રહી લોન મેળવવા અંગેની માહિતિ મેળવી હતી.

વ્યાજખોરોના વિષચક્રમાં સૌથી વધારે ફસાતાં એવા ફેરિયા, રીક્ષા ચાલક, શાકભાજી વાળા ,છૂટક વેપારીઓ, નાના ધંધાર્થી સહિતના જરૂરિયાતમંદોને સસ્તી અને સુલભ લોન મળી રહે તે માટે આજે બુધવારે ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલની આગેવાનીમાં પંડિત ઓમકારનાથ હોલ ખાતે પોલીસે લોન મેળાનું આયોજન કરાયું હતું.

ભરૂચની વિવિધ બેંકો તથા સરકારી વિભાગોના સહયોગથી જરૂરિયાતમંદ લોકોને લોન લેવા માટે એક જ સ્થળે બધી બેંકો તથા સરકારી વિભાગોમાંથી માહિતી અને જરૂરી ડોક્યુમેન્ટની દરેક પ્રક્રિયાની સમજ મળી રહે. લોન તથા અન્ય સરકારી લાભો લેવા માટે ફોર્મ ભરવાની કાર્યવાહીમાં આસાની રહે તેના માટે દરેક એજન્સીઓના સ્ટોલ લગાવાયાં હતાં. આશરે 300 થી પણ વધુ લોકોએ હાજર રહી સમજ મેળવી હતી. એસપીએ આયોજન બદલ અભિનંદન આપ્યાં હતાં.

**સરકારી દરે લોન મળે તેવો આશય**

વ્યાજખોરીના ચકકરમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા વ્યાજખોરો સામે કાર્યવાહી ચાલી રહી છે તો બીજી તરફ લોકોને સરકારી દરે લોન મળી રહે તે માટે લોનમેળા યોજવામાં આવી રહયાં છે. આજે લોકોને સરકારી લોન વિશે માહિતી આપવામાં આવીછે. **»ડો. લીના પાટીલ, એસપી,** ભરૂચ.

**DATE: 10/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### દારૂ વેચાણના 50 હજાર સહિતનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો

# ભરૂચ શહેરની દુબઇ ટેકરીનો બુટલેગર ઝબ્બે, એક વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચના ઝાડેશ્વર રોડ પર આવેલાં દુબઇ ટેકરી વિસ્તારમાં રહેતો નવિન રણછોડ વસાવા વાડી પાસે વિદેશીદારૂનો વેપલો કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં એક શખસ ઝડપાઈ ગયો હતો.તેનું નામ સાગર સુરેશ વસાવા (રહે. અંબાજી માતા મંદિર પાછળ, ઝાડેશ્વર) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસેનો થેલો તપાસતાં તેમાંથી વિદેશીદારૂની કુલ 3 હજારના મત્તાની 6 બોટલો મળી આવી હતી. ઉપરાંત તેની પાસેથી દારૂ વેચાણના 50 હજાર તેમજ એક મોબાઈલ પણ મળતાં ટીમે તેની પાસેથી કુલ 55 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂ અંગે પુછતાં તેણે કબુલ્યું હતું કે, તે દુબઇ ટેકરી ખાતે રહેતાં નવિન રણછોડ વસાવા માટે દારૂનું વેચાણ કરે છે. જેના પગલે ટીમે નવિનને વોન્ટેડ જાહેર કરી તેમની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ શહેરમાં પોલીસે બુટલેગરો સામે તવાઈ બોલાવી છે તેમ છતાં ચોરીછુપીથી દારૂનું વેચાણ થઇ રહયું છે ત્યારે પોલીસ આવા બુટલેગરોને પણ ઝડપી પાડી તેમની સામે કાર્યવાહી કરી રહી છે.

DATE: 10/02/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# ખરચી ગામે જુગાર રમતાં 2 જણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા તાલુકામાં આવેલાં ખરચી ગામે પોલીસે દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, ટીમે વિરલ ઉર્ફે વિરૂ ચંદુ પટેલ તથા રણજીત જેસંગ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે નરેશ રેસમા વસાવા, મનુ ડાહ્યા વસાવા, પાલો તેમજ હરપાલ નામના બે સરદારજી ત્યાંથી ભાગી ગયાં હતાં. ટીમે સ્થળ પરથી દાવપર લાગેલાં તેમજ અંગઝડતીમાંથી મળેલાં કુલ 17 હજાર તેમજ એક મોબાઇલ મળી કુલ 22 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 11/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વર બસ ડેપો પાસે પોલીસે વોચ ગોઠવી હતી

# ભરૂચ સ્ટેશન પરથી ફોનની ચોરી કરનારો તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ રેલ્વે સ્ટેશન પર સુતેલા ઈસમનો મોબાઈલ ચોરી ભાગતો મોબાઈલ ચોરને અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર અલ તોહીત પાર્ક રાહતપોર ખાતે રહેતા અબરાર હુસેન મલેક રેલ્વે સ્ટેશન ખાતે ગત 9મી ના રોજ બપોરે રેલ્વે સ્ટેશન ખાતે સિંગ વેચ્યા બાદ પ્લેટફોર્મ પર આરામ કરી રહ્યા



હતા. તેઓ ઊંઘમાં હતા તે દરમિયાન તેમના જેકેટના ખિસ્સામાંથીમોબાઈલ ચોરી થઈ જવા પામ્યો હતો. જે અંગે ભરૂચ રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ગત રોજ અંકલેશ્વર શહેર પોલીસે ચોરી નો મોબાઈલ વેચવા ની ફિરાકમાં ફરતા ઈસમ અંગે ચોક્કસ માહિતી મળી હતી જે આધારે પોલીસે અંકલેશ્વર શહેર બસ ડેપો પાસે વોચ ગોઠવી હતી. પોલીસે મૂળ મહારાષ્ટ્રનાબુલદાણા જિલ્લા માં રહેતા અનિલ મોહિતેને મોબાઈલ વેચવા આવતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. તેણે ભરૂચ રેલવે સ્ટેશન પરથી ફેરિયાના ખિસ્સામાંથી મોબાઈલની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

**DATE: 11/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભરૂચના કસક સર્કલ પાસે પોલીસે રેડ પાડી

# આંકડાનો જુગાર રમતાં 3 ઝડપાયાં : સુત્રધાર વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના કસક સર્કલ પાસે ગંગા હોટલની બાજુમાં આવેલી ચ્હાની લારી પાસે એક શખ્સ આંકડાનો જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે સી ડિવિઝન પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડી ત્રણ શખ્સોની ધરપકડી કરી હતી. તેમના નામ શકીલ અઝગર પટેલ, સમીર યાસીન દિવાન તેમજ સુનિલ સોમા વસાવા હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તપાસ કરતાં તેઓ આંકડાનો જુગાર રમાડતાં હોવાનું માલુમ પડવા સાથે તેમના મોબાઈલમાં ઓનલાઈન આંકડા લખવા સાથે અન્ય ચીઠ્ઠીઓ પણ મળી આવી હતી. જેના પગલે તેમની પાસેથી રોકડા રૂપિયા 18 હજાર, બે મોબાઈલ તથા એક્ટીવા મળી કુલ 48 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શકીલે કબુલ્યું હતું કે, તે શહેરના કુંભારિયા ઢોલાવ ખાતે રહેતાં રફસદખાન ફિરોજખાન પઠાણ માટે મુંબઈથી નિકળતાં વરલી મટકાનો આંકડાનો જુગાર મોબાઈલ મારફતે રમે છે. બનાવ સંદર્ભે સી ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વરના ઉટિયાદરા ગામે કુવામાંથી મળેલાં મૃતદેહનો ભેદ ઉકેલાયો : સગીર સહિત બે આરોપીની ધરપકડ

# તરસાડીના યુવાનને ઝગડાનું સમાધાન કરી નિર્જન સ્થળે લાવી બે મિત્રોએ રહેંસી નાંખ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના ઉટિયાદરા ગામે કુવામાંથી યુવાનનો મૃતદેહ મળી આવવાની ઘટનાનો ભેદ ભરૂચ એલસીબીએ ઉકેલી નાંખી એક સગીર સહિત બે આરોપીની ધરપકડ કરી છે. મૃતક યુવાનને નશાની હાલતમાં બંને આરોપીઓએ ભેગા મળી માથામાં પથ્થરો મારી મોતને ઘાટ ઉતારી દીધો હોવાનું ખુલ્યું છે.

અંકલેશ્વર તાલુકાના ઉટીયાદરા ગામની સીમમા અશ્વીન પટેલના ખેતર નજીક નહેરના કુવામાંથી દોરડાથી બાંધીને લટકાવી દેવાયેલો યુવાનનો મૃતદેહ મળ્યો હતો. પોલીસની તપાસમાં મૃતક યુવાન કોસંબાના તરસાડી ગામનો રહેવાસી અભય નટવર પરમાર હોવાનું બહાર આવ્યું હતું. ભરૂચ એસપી ડૉ. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ પાનોલી પોલીસ તથા એલસીબીએ હત્યારાઓને પકડવા માટે કવાયત હાથ ધરી હતી. પીઆઇ ઉત્સવ બારોટ, એમ.એચ.વાઢેર તથા પીએસઆઇ જે.એન.ભરવાડે તેમની ટીમ સાથે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. પોલીસે શંકાના આધારે કાયદાના સંઘર્ષમાં આવેલાં એક સગીર તથા જયમીન વસાવાની અટકાયત કરી આકરી પૂછપરછ કરતાં બંનેએ અભયની હત્યાનો ગુનો કબુલ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે.



## મૃતક છેલ્લે બંને આરોપી સાથે એકટીવા પર જતો જોવા મળ્યો હતો

મૃતક અભય પરમાર છેલ્લે 7 ફેબ્રુઆરીએ રાતે 10.30 કલાકે એકટીવા ઉપર 3 ઇસમો સાથે કોસંબા તરસાડીથી ઉટીયાદરા ગામ કેનાલ તરફ જતા રોડ ઉપર જોવા મળ્યો હતો. શકમંદ 6 ઇસમોને શોધી કાઢી તમામની પુછપરછ કરતાં હત્યાનો ભેદ ઉકેલાયો હતો.

## મૃતક બંને આરોપીઓ ઉપર રોફ જમાવતો હોવાની કેફિયત

મૃતક અભય બન્ને ઉપર રોફ જમાવતો હોય, પૈસા અને સિગારેટ માંગતો હોવા સાથે મારઝૂડ કરતો હોય જેની રીસ રાખી નશામાં જ નશેડી મિત્રોએ તેની હત્યા કરી દીધી હતી. મૃતક અભય સામે પણ લૂંટના ગુના નોંધાયેલા હોવાની વિગતો અગાઉ સામે આવી ચુકી છે.

## આરોપીની સાસરીમાં થયેલો ઝગડો મૃતકને મોત સુધી દોરી ગયો

7 મી ફેબ્રુઆરીએ કોસંબા દાદરી ખાતે જયમીન વસાવાની સાસરીમાં ઘરે મરનાર અભય પરમાર નશો કરેલી હાલતમાં આવ્યો હતો. જ્યાં બંને મિત્રો સાથે બોલાચાલી અને ઝઘડો થયા બાદ માં સમાધાન કર્યું હતું. જોકે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અને જયમીન વસાવાએ ઝઘડાની રીસ રાખી અભયની હત્યા કરી નાંખી હતી. હાલ તો સગીર સહિતના બંને હત્યારાઓ પોલીસની પકડમાં આવી ગયાં છે. હત્યામાં અન્ય કોઈની સંડોવણી છે કે નહિ તેની તપાસ પણ પોલીસ ચલાવી રહી છે.



# ફરવાના શોખ ખાતર અંકલેશ્વરમાં ATMમાં ચોરીનો પ્રયાસ કરનાર ઝડપાયો

ભરૂચ: અંકલેશ્વરના ભરૂચીનાકા વિસ્તારમાં ગુરુવારે રાત્રે એક ઇસમે એસબીઆઈ બેંકનું ATM મશીનને તોડવાની અને તેમાંથી રૂપિયા કાઢવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, રૂપિયા નહીં મળતાં ATM મશીનને નુકસાન પહોંચાડી ત્યાંથી રવાના થઈ ગયો હતો. આ બનાવમાં અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસમથકને જાણ થતાં ગુનો નોંધી બેંકનાં સીસીટીવી ફૂટેજ કબજે કરી આરોપીને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. દરમિયાન આ ચોરીનો પ્રયાસ કરનાર આરોપી અંકલેશ્વર નવા દિવી ગ્રાઉન્ડ બાજુ જોવા મળ્યો હોવાની બાતમીના આધારે મન ઉર્ફે ગોલુ તુકારામ વેડેકરને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને તેણે કામધંધો કરતો ન હોય અને સોમનાથ અને જૂનાગઢ ફરવા જવા રૂપિયાની જરૂર હોવાથી ATMના ડાયલરનો દરવાજો તોડી રૂપિયા કાઢવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવ્યું હતું.

**DATE: 12/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વર નજીક સહયોગ હોટેલના પાર્કિંગમાંથી 14 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર-ભરૂચ નેશનલ હાઇવે નં.48 પર આવેલી સહયોગ હોટેલના પાર્કિંગમાંથી બી ડિવિઝન પોલીસે રૂપિયા 20.43 લાખથી વધુના વિદેશી દારૂ સહિતના મુદ્દામાલ સાથે બે બુટેલગરને ઝડપી પડી અન્ય બેને વોન્ટેડ જાહેર કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસમથકનો પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન ચોક્કસ બાતમીદારથી બાતમી મળી હતી કે, અંકલેશ્વરથી ભરૂચ જતા નેશનલ હાઇવે નં.48 આવેલી સહયોગ હોટેલના પાર્કિંગમાં વિદેશી દારૂ ભરેલા કન્ટેનર નં.(HR-55-W-1404) ઊભું રાખ્યું છે. પોલીસે બાતમીના આધારે સહયોગ હોટેલના પાર્કિંગમાં કન્ટેનર નં.(HR-55-W-1404)ના ડ્રાઇવર બાબુસિંહ ગુલાબસિંહ રાવત અને ક્લીનર સુવાલાલ છોગાજી ગુરજર (બંને રહે.,રાજસ્થાન)ને પાસે કન્ટેનર ખોલાવી ચેક કરતાં મોટી માત્રમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે વિદેશી દારૂ 14,35,200, મોબાઇલ તથા કન્ટેનર મળી 20,43,200નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ડ્રાઇવર બાબુસિંહ ગુલાબસિંહ રાવત અને ક્લિનર સુવાલાલ છોગાજી ગુર્જરની અટકાયત કરી દારૂનો જથ્થો મોકલનાર ઓમપ્રકાશ ઉર્ફે ઓમજી અને વિદેશી દારૂ મંગાવનાર અજાણ્યા ઇસમને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 12/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં ONGCની લાઈનમાં ભંગાણ સર્જી ઓઈલ ચોરીનો પ્રયાસ કરનાર 2ની ધરપકડ

અંકલેશ્વર: ગત તા.7મી ફેબ્રુઆરીના રોજ અંકલેશ્વર તાલુકાના હજાત ગામની સીમમાં ભરૂડી મંદિર સામે ONGCના જંક્શન પોઈન્ટ પાસે ક્રૂડ ઓઈલની અન્ડરગ્રાઉન્ડ ચાલુ લાઈનમાં ભંગાણ સર્જી ક્રૂડ ઓઈલની ચોરીના પ્રયાસ અંગે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન ઓઈલ ચોરીનો પ્રયાસ કરનાર ઈસમો હજાત ગામમાં ફરી રહ્યા હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસે વોચ ગોઠવી ગામના ભાથીજી મંદિર ફળિયામાં રહેતા 2 ઈસમને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કરી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલા બંને ઈસમ ઓઈલ ચોરી કરવાની ટેવ ધરાવતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

**DATE: 12/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–12**

# ઝઘડિયાના ખરચી ગામે જુગાર રમતા બે ઈસમો ઝડપાયા : ચાર ભાગી ગયા

ઝઘડિયા તાલુકાના ખરચી ગામે પોલીસે જુગાર રમતા બે ઈસમોને ઝડપી લીધા હતા, જ્યારે પોલીસને જોઈને અન્ય ચાર ઈસમો નાસી છુટ્યા હતા. ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો મુજબ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમી મુજબ પોલીસે ખરચી ગામે સરદારપુરા તરફ જવાના રસ્તા નજીક તળાવ પાસે છાપો મારતા ત્યાં કેટલાક ઈસમો જુગાર રમતા જણાયા હતા. પોલીસે ઘટના સ્થળેથી વિરલ ઉર્ફે વિરુ ચંદુ પટેલ રહે.ખરચી તા.ઝઘડિયા તેમજ રણજીત જેસંગ વસાવા રહે.ગામ ખરચી ભીલવાડા તા.ઝઘડિયાનાને ઝડપી લીધા હતા. જ્યારે પોલીસને જોઈને અન્ય ઈસમો નરેશ રેસમાભાઈ વસાવા રહે.ખરચી, મનુ કાલાભાઈ વસાવા રહે.ખરચી, પાલુ નામનો સરદારજી રહે.ખરચી તેમજ હરપાલ નામનો સરદારજી રહે.ખરચીના ભાગી છુટ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂા. ૨૨૩૮૦નો મુદ્દામાલ ઝડપી લીધો હતો. તેમજ ઉપરોક્ત ઝડપાયેલા અને ભાગી છુટેલ ઈસમો મળી કુલ છ ઈસમો સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 12/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–12**

# ઝઘડિયા તાલુકાના સરકારી બોરીદ્રા ગામેથી રાજપારડી પોલીસે વિદેશી દારૂ ઝડપી પાડ્યો

ઝઘડિયા તાલુકામાં માલજીપરાથી સમરપરા ગામની વચ્ચે આવેલ કેનાલની સુપડી પાસે એક ઇસમ જાહેરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનું છાની છુપી રીતે વેચાણ કરે છે. બાતમીના આધારે પૂછપરછ કરતા અલ્પેશ બાબરભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, રાજપારડી પોલીસે અલ્પેશની તપાસ કરતા તેની પાસેની થેલીમાં અલગ અલગ બ્રાન્ડની દારૂની ૮ નંગ બોટલ મળી આવી હતી, જેની કિંમત રૂપિયા ૮૦૦, એક મોબાઈલ જેની કિંમત રૂ.૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૦,૮૦૦ નો મુદ્દા માલ જપ્ત કરી અલ્પેશ બાબરભાઈ વસાવા રહેવાસી સરકારી બોરીદ્રા તા. ઝઘડિયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.